# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-09-2024** **Morning : 7.10 to 7.20**

**Day: Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર નીકિતા શાહ વાંચે છે.

---

- ❖ રાજ્ય સરકારે જાહેર વિતરણ વ્યવસ્થામાં અપનાવેલી ટેકનોલોજીયુક્ત પહેલ દેશના અન્ય રાજ્યો માટે પથદર્શક છે તેવો મત વ્યક્ત કરતાં કેન્દ્રિય મંત્રી પ્રહ્લાદ જોષી
- ❖ અમદાવાદમાં આગામી ગણેશ વિસર્જન અને ઇદેમિલાદના તહેવારોની શાંતિપૂર્ણ ઉજવણી માટે પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો.
- ❖ લાંચરૂશ્વત વિરોધી દળ દ્વારા કડક હાથે કામગીરી. - અમદાવાદ અને વલસાડમાંથી લાંચ લેતા કેન્દ્ર સરકારના બે ઉચ્ચ અધિકારીઓ રંગે હાથ ઝડપાયા
- ❖ રાજકોટમાં રોગચાળો વધુ ન વકરે તે માટે તંત્ર દ્વારા તકેદારીના પગલાં... આરોગ્ય શાખા દ્વારા ઘરેઘરે સર્વેલન્સની કામગીરી.
- ❖ આગામી ૩ દિવસ દરમિયાન ગુજરાતમાં મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના કેટલાંક સ્થળોએ છુટાછવાયા વરસાદનું હવામાન વિભાગ દ્વારા યલો એલર્ટ જાહેર કરાયું.

---

## PRAHLAD JOSHI Meet

ગુજરાત સરકારે જાહેર વિતરણ વ્યવસ્થામાં અપનાવેલી ટેકનોલોજીયુક્ત પહેલ અન્ય રાજ્યો માટે પથદર્શક છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે યોજાયેલી બેઠકમાં બોલતા કેન્દ્રિય મંત્રી પ્રહલાદ જોષીએ આ મુજબ જણાવ્યું.

આ બેઠકમાં કેન્દ્રિય મંત્રીએ વિવિધ પ્રવૃત્તિઓની સમીક્ષા કરી હતી. બેઠકમાં મંત્રીશ્રીને રાજ્યની વાજબી ભાવની દુકાનો, ખાદ્યાન્નના પરિવહન, સંગ્રહ, વિતરણ વ્યવસ્થા, ગુણવત્તા, 'માય રાશન' - મોબાઈલ એપ સહિતના બાબતોની માહિતી આપવામાં આવી હતી.

કેન્દ્રિય મંત્રીએ તમામ વ્યવસ્થા અંગે સંતોષ વ્યક્ત કરતાં ગુજરાતે ટેકનોલોજીનો સમન્વય કરીને જાહેર વિતરણ વ્યવસ્થામાં અપનાવેલી પારદર્શિતા અન્ય રાજ્યોએ પણ અપનાવવી જોઈએ તેમ જણાવ્યું હતું.

---

# RE INVEST EXPO PRAHLAD JOSHI

કેન્દ્રીય નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રી પ્રહલાદ જોષીએ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે રિ-ઇન્વેસ્ટ 2024ની તૈયારીઓની સમીક્ષા કરી હતી. ગાંધીનગરમાં આગામી 16થી 18 સપ્ટેમ્બર દરમિયાન ચોથા ગ્લોબલ રિ-ઇન્વેસ્ટ રિન્યૂએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પોનું આયોજન કરાયું છે, જેનો પ્રારંભ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કરાવશે. કેન્દ્રીય મંત્રીએ કાર્યક્રમ સ્થળ તેમ જ પ્રદર્શન હૉલ સહિતની જગ્યાએ તમામ વ્યવસ્થાઓની તૈયારીઓની સમીક્ષા કરી હતી.

શ્રી જોશીએ નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય તેમ જ રાજ્ય સરકારના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજીને કાર્યક્રમલક્ષી વિવિધ બાબતોની માહિતી મેળવી હતી.

નાગરિકોની ભાગીદારી વધારવા તેમજ કાર્યક્રમને વધુ ભવ્ય બનાવવા મંત્રીશ્રીએ જરૂરી સૂચનો પણ કર્યા હતા.

**(બાઈટ - પ્રહલાદ જોષી, કેન્દ્રીય નવીન, નવીનીકરણીય ઊર્જા મંત્રી)**

---

# AHD POLICE

અમદાવાદમાં ગણેશ વિસર્જન અને ઇદે મિલાદનો તહેવાર એક સાથે આવી રહ્યો છે. ત્યારે અમદાવાદ પોલીસ દ્વારા તકેદારીના પગલાં લેવામાં આવ્યા છે. અમદાવાદના ડીસીપી કોમલ વ્યાસે જણાવ્યું હતું કે, આ તહેવારો અમદાવાદ શહેરમાં શાંતિથી ઉજવાય તે માટેના તમામ સલામતીના પગલા લેવાયા છે.

(ઓડિયો - કોમલ વ્યાસ, ડીસીપી, અમદાવાદ)

---

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

---

# ACB ESIC Ahmedabad & Valsad

લાંચરૂશ્વત વિરોધી દળ દ્વારા કડક હાથે કામગીરી કરાતા અમદાવાદ અને વલસાડમાં સરકારી અધિકારીઓ લાંચ લેતા ઝડપાયા છે.

અમદાવાદના ઈન્કટેકસ ચાર રસ્તા પાસે આવેલી કર્મચારી રાજ્ય વીમા નિગમ કચેરીમાં ટ્રેપ ગોઠવી એસીબીએ ક્લાસ વન અધિકારીને લાંચ કેસમાં ઝડપ્યા છે. આસિસ્ટન્ટ ડાયરેકટર કમલકાંત પ્રભુદયાલ મીણાની રૂપિયા 3 લાખના લાંચ કેસમાં ધરપકડ કરવામાં આવી છે. એક વેપારીને કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) તરફથી કર્મચારીઓના વીમાની કપાત (ESI) પેટે રૂપિયા 46 લાખ કરતા વધુની નોટિસ આપવામાં આવી હતી. આ બાબતે કોઈ રકમ વેપારીને ભરવાની થતી ન હતી.

આ નોટીસ મળ્યા બાદ વેપારીએ જરૂરી દસ્તાવેજો સાથે કમલકાંત મીણાને મળવા જઈ રજૂઆત કરી હતી. આ સમયે આસિ. ડાયરેકટર કમલકાંત મીણાએ મામલો પતાવવા શરૂઆતમાં 4 લાખ રૂપિયાની લાંચ માંગી હતી.

જોકે વેપારી આ લાંચ આપવા માંગતા ન હતા અને તેમણે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો સમક્ષ ફરિયાદ કરી હતી. આ ફરિયાદ બાદ કર્મચારી વીમા નિગમ કચેરીમાં જ એસીબીએ ટ્રેપ ગોઠવીને અધિકારીને રંગે હાથ ઝડપીને લાંચની રકમ જપ્ત કરી હતી.

તો બીજીતરફ વલસાડ જિલ્લાના વાપી GIDCમાં આવેલી એક કંપની ઉપર PFના કેસના નિકાલ માટે વાપી PF કંપનીના આસિસ્ટન કમિશ્નર અને એન્ફોર્સમેન્ટ ઓફિસરે 5 લાખ રૂપિયાની લાંચ માંગી હતી. લાંચની રકમ આપવા ન માંગતા ઉદ્યોગપતિએ વલસાડ ACBની ટીમને ફરિયાદ કરી હતી. જે ફરિયાદના આધારે વલસાડ ACBની ટીમે લાંચનું છટકું ગોઠવી કેન્દ્ર સરકારના લાંચિયા અધિકારીને ઝડપી પાડ્યા હતા.

વલસાડ ACBની ટીમે 2 અધિકારીઓને ઝડપી પાડતા લાંચિયા અધિકારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. જ્યારે વલસાડ જિલ્લાના વાપી ગુંજન ચાર રસ્તા પાસે આવેલા સ્નેહદીપ કોમ્પલેક્ષમાં ACBની ટીમે ટ્રેપ ગોઠવી વર્ગ-1, વર્ગ-2 એમ બે અધિકારીઓને અધિકારીને 5 લાખના લાંચ કેસમાં પકડ્યા છે. કેન્દ્ર સરકારના બંને અધિકારી હર્ષદકુમાર પરમાર (વર્ગ 1) અને સુપ્રભાત રંજન તોમર (વર્ગ-2) ની લાંચ કેસમાં ધરપકડ કરી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

દક્ષિણ ગુજરાતમાં ખાનગી કંસ્ટ્રકશન કંપની ચલાવતા એક બિલ્ડરે તેમની કંપનીમાં કામ કરતા કર્મચારીઓના PF કપાવવાની કાર્યવાહી અંગે ચાલતા કેસનો નિકાલ કરવા અંગે PF કચેરી ખાતેથી બિલ્ડરની કંપનીને નોટિસ મળી હતી.

સમગ્ર મામલે વાપી PF કચેરી ખાતે કેસ ચાલતો હતો. આ મામલામાં કેસનો ઝડપી નિકાલ કરવા તેમજ બિલ્ડરને થનારા દંડની રકમ ઓછી કરવા હર્ષદ લખુજીભાઈ પરમાર અને સુપ્રભાત રંજન અવનેન્દ્રનાથસિંહ તોમરે ભેગા મળીને રૂ.5 લાખ રૂપિયાની લાંચ માગી હતી. બિલ્ડર લાંચની રકમ આપવા માગતા નહિ હોવાથી વલસાડ ACBના અધિકારીનો સંપર્ક કરી ફરિયાદ કરી હતી. ACBની ટીમે બંનેને રંગે હાથ ઝડપી લઇ લાંચની રકમ કબજે કરી હતી.

-----------------------------------------------------------------

# Rajkot Epidemic

રાજકોટ જિલ્લામાં ભારે વરસાદ બાદ રોગચાળો અટકાવવા જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શનમાં સઘન ઝુંબેશ ચાલી રહી છે. આરોગ્ય વિભાગની 753 ટીમો દ્વારા ડોર ટુ ડોર સર્વે, ક્લોરીનની ગોળીઓનું વિતરણ, ઓ.આર.એસ.નું વિતરણ, ડસ્ટીંગ, ફોગિંગ ઉપરાંત તબીબી તપાસ સહિતની કામગીરી કરાઈ રહી છે.

અત્યાર સુધીમાં 78 હજારથી વધુ ક્લોરિન ગોળી અને 2,400થી વધુ ઓ.આર.એસ. પેકેટનું વિતરણ કરાયું છે.

---

# RAJKOT ROGCHALO

રાજકોટ શહેર ખાતે કોલેરાનો કેસ નોંધાતા જિલ્લા તંત્ર દ્વારા તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યાં છે. કલેકટર પ્રભવ જોષીએ દુષિત પાણી પીવાથી અને તેના વપરાશથી બનતા અને બજારમાં ખુલ્લામાં વેચાતા ખાદ્યપદાર્થના વેચાણ પર કેટલાંક નિયંત્રણો લાદ્યા છે.

જેમાં  શેરડીનો રસ, દુષિત પાણીથી બનતો બરફ, કુલ્ફી, ઠંડા પીણા, છાશ, દુધની બનાવટો વગેરેના ઉપયોગથી ફેલાતા આ રોગથી લોકોનું સ્વાસ્થ્ય ન જોખમાય તે હેતુથી તેના વેચાણ પર પ્રતિબંધો લાદી દેવાયા છે.

---

# Weather Local

હવામાન વિભાગે આગામી 3 દિવસ દરમિયાન મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના કેટલાંક ભાગોમાં છુટાછવાયા વરસાદની આગાહી કરી છે. આવતીકાલે મધ્ય ગુજરાતના અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં છુટોછવાયો ભારે વરસાદ થઇ શકે છે. જ્યારે અન્ય સ્થળોએ 30થી 40 કિલોમીટરની ઝડપે પવન ફૂકાઇ શકે તેવી પણ આગાહી કરવામાં આવી છે.

બીજીતરફ આજે સવારે નવસારીમાં  વરસાદ વરસ્યો હતો. ગત રાત્રે 2 વાગ્યાથી વરસાદ શરૂ થયો હતો. પરંતુ સવારે 4થી 6 વાગ્યા સુધીના 2 કલાકમાં 73 મિલીમીટર એટલે કે, લગભગ 3 ઈંચ વરસાદ નોંધાયો હતો.

રાત્રે 2 વાગ્યાથી આજે સવારે 6 વાગ્યા સુધીમાં ગણદેવીમાં 83 મિલીમીટર વરસાદ નોંધાયો હતો. સવારે 4 થી 6 વાગ્યા દરમિયાન ચીખલીમાં 20 મિલીમીટર વરસાદ પડ્યો હતો.

---------------------------------------------------------------------

# GCCI MEET

અમદાવાદ સ્થિત ગુજરાત રાજ્ય વેપારી મહામંડળની રિયલ એસ્ટેટ અને ઇન્ફ્રા કમિટીએ ગ્રામીણ ક્ષેત્રના વિકાસ પર ઇન્ટરેક્ટિવ સત્રનું આયોજન કર્યું હતું. આ સત્રમાં ગુજરાત સરકારના ગ્રામીણ વિકાસ વિભાગના કમિશનર સુજલ મયાત્રાએ ઉદ્યોગકારો સાથે ગ્રામીણ વિસ્તારને લગતી વિવિધ યોજનાઓની જાણકારી આપી હતી. જેમાં ગ્રામીણ યોજનાઓમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, સંસદ આદર્શ ગ્રામ યોજનાની વિસ્તૃત માહિતી આપી હતી. ઉદ્યોગકારોએ આ મામલે તેમના મનમાં થતાં કેટલાકં પ્રશ્નો પૂછીને વધુ વિગતો મેળવી હતી.

---------------------------------------------------------------------

# SVIP Airport

અમદાવાદના સરદાર વલ્લવભાઇ પટેલ એરપોર્ટના ટર્મિનલ બેના એરાઇવલ્સ ખાતે એક નવા આકર્ષક આર્ટ ઇન્સ્ટોલેશનનું અનાવરણ કરવામાં આવ્યું છે. મુસાફરોને શહેરની વાઇબ્રન્ટ એનર્જીનો અનુભવ કરાવવા હલચલ વોલની રચના કરવામાં આવી છે. હેરિટેજ સિટી એવા અમદાવાદની કળા, પરંપરાઓ અને સમૃદ્ધ વારસાને પ્રતિબિંબિત કરતાં આ શિલ્પદ્વારા આમદાવાદની પોળ અને અન્ય જીવંત ગુજરાતી પાત્રોને દર્શાવી રહ્યાં છે.

ફેબ્રિકની વહેતી સાબરમતી નદીના નિરૂપણ દ્વારા 15મી સદીમાં અમદાવાદની સ્થાપના થઈ ત્યારથી તે અમદાવાદનું અભિન્ન અંગ છે. પરંપરાગત ડાબુ આર્ટનો ઉપયોગ કરીને તેને બનાવવામાં આવી છે.

---------------------------------------------------------------------